For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સન 2025ને વસમી વિદાય, 2026નું વધામણા સાથે સ્વાગત...





જેની શોખીનો દ્વારા આખું વર્ષ રાહ જોવામાં આવે છે તેવી 31મી ડિસે.ની નાઈટની સુરતમાં ભારે ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. ઘોડદોડ રોડથી શરૂ કરીને છેક ડુમસ સુધી આયોજીત પાર્ટીઓમાં યુવા ઝુમ્યો હતો. બીજી તરફ પોલીસે પણ આખું દિવસ ભારે ચેકિંગ રાખ્યું હતું. ચેકિંગ કરવા માટે મહિલા પોલીસનો પણ ઉપયોગ કરાયો હતો. પોલીસે પણ તમામ ઠેકાણે ભારે બંદોબસ્ત ગોઠવ્યો હતો. પોલીસે નશો કરનારાઓને પણ પકડ્યા હતા. દર વર્ષે 1લી જાન્યુ.ના રોજ પોલીસના લોકઅપ પીધેલાઓથી ભરાતા હોય છે. આ વર્ષે પણ લોકઅપ ભરાયા કે કેમ? તે આવતીકાલે જ ખબર પડશે. **(તસવીરઃ હેમંત ડેરે)**

## બિલ્ડર અને હીરાના વેપારીની રિવોલ્વર, 16 કાર્ટિઝ નોકર ચોરી ગયો

**વેસુના** સેલેસ્ટિયલ ડ્રીમ્સમાં રહેતા મનુભાઇ માંગુકિયા અને પરિજનો કામમાં વ્યસ્ત હતા ત્યારે નોકર પ્રવીણે નજર ચૂકવી ચોરી કરી

સુરતઃ વેસુ વિસ્તારમાંથી સુરક્ષા અંગે ચિંતાજનક બનાવ સામે આવ્યો છે. જાણીતા બિલ્ડર અને હીરા વેપારીના ફ્લેટમાંથી લાયસન્સવાળી રિવોલ્વર અને કાર્ટિઝ ચોરી થવાનો બનાવ નોંધાયો છે. ઘરકામ માટે રાખવામાં આવેલ નોકર જ આ હથિયાર લઈને ફરાર થઈ ગયો હોવાનું બહાર આવતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે.

વેસુ કેનાલ રોડ પર આવેલા સેલેસ્ટ્રીયલ ડ્રિમ્સ એપાર્ટમેન્ટમાં રહેતા મનુભાઈ વિરજીભાઈ માંગુકીયા (ઉંમર ૭૦) બાંધકામ તથા ડાયમંડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની પાસે કાયદેસર લાયસન્સ ધરાવતી સ્મીથ એન્ડ વેશન કંપનીની રિવોલ્વર હતી, જેને તેઓ સુરક્ષાના હેતુથી પોતાના ફ્લેટમાં રાખતા હતા. આ રિવોલ્વરની અંદાજે કિંમત રૂ. ૫૦ હજાર હોવાનું જણાવવામાં આવ્યું છે. તેમના ઘરે ૪ ઓક્ટોબર ૨૦૨૫થી પ્રવિણ નામનો નોકર ઘરઘાટી તરીકે કામ કરતો હતો. ગત ૧૫ ડિસેમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા દરમિયાન જ્યારે મનુભાઈ તથા તેમના પરિવારજનો ઘરના અન્ય કામમાં વ્યસ્ત હતા, ત્યારે નોકરે તક જોઈને ફ્લેટ એ-૭૦૩માંથી રિવોલ્વર સાથે ૧૬ રાઉન્ડ કાર્ટિઝ ચોરી લીધી હતી.

...અનુસંધાન પાના 5 પર

## વર્ષના અંતિમ દિવસે ભરશિયાળે સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં માવઠાં

**ગાંધીનગરમાં** 13 ડિગ્રી તાપમાન, પારો હજુ 2થી 3 ડિગ્રી ઘટી જવાની સંભાવના

**બનાસકાંઠા**, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી, દ્વારકા, પોરબંદર અને કચ્છમાં હજુ વરસાદ થવાની સંભાવના

ગાંધીનગરઃ ભરશિયાળે ઉત્તર ગુજરાતમાં આગામી 24 કલાક દરમ્યાન માવઠાની વકી વચ્ચે હવે ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. ખાસ કરીને ગાંધીનગરમાં 13 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. જ્યારે

...અનુસંધાન પાના 5 પર

### નવસારીમાં સિઝનનો સૌથી ઠંડો દિવસ, તાપમાન 14 ડિગ્રી નોંધાયું

નવસારી : નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા હવામાન અહેવાલ મુજબ નવસારી જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ નોંધાયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ લઘુત્તમ તાપમાન ઘટીને 14.0 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જેના કારણે વહેલી સવારથી જ ઠંડીની તીવ્રતા સ્પષ્ટ અનુભવાઈ રહી હતી. હવામાનના આંકડાઓ અનુસાર, 30 ડિસેમ્બર 2025ના રોજ મહત્તમ તાપમાન 30.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 15.6 ડિગ્રી

...અનુસંધાન પાના 5 પર

### સુરતમાં ભેજ વધતાં ઠંડી ઘટી, તાપમાન 16.4 ડિગ્રી નોંધાયું

સુરતઃ સુરત શહેરના હવામાનમાં ગઈકાલની સરખામણીમાં બુધવારે આંશિક ફેરફાર જોવા મળ્યો છે. મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે લઘુત્તમ તાપમાન અને ભેજમાં વધારો થતાં હવામાનમાં થોડી ભેજયુક્ત ઠંડકનો અહેસાસ થયો છે. પ્રાપ્ત હવામાન આંકડા મુજબ 30 ડિસેમ્બર-2025ના રોજ શહેરનું મહત્તમ તાપમાન 30.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આજે 31 ડિસેમ્બર-2025ના રોજ ઘટીને 30.0 ડિગ્રી થયું છે. આ રીતે મહત્તમ તાપમાનમાં 0.7 ડિગ્રીનો ઘટાડો નોંધાયો

...અનુસંધાન પાના 5 પર

## આતશબાજી-ડીજે પાર્ટીના ડાન્સ સાથે 2026ને આવકાર

**ઘોડદોડ** રોડ, વેસુ વાય જંક્શન, પીપલોદ કારગિલ ચોક, ડુમસ રોડ, પાલના ગૌરવપથ રોડ પર લોકો સજીધજીને ઊતરી પડ્યા

**રાત્રિના** 12ના ટકોરે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી, ઠેર ઠેર ફટાકડા ફોડી લોકોએ જશ્ન મનાવ્યો

**લેસર**, ડાર્ક લાઇટ, ફાયર ડ્રમ, ફેમસ થિમ પર યુવાઓ DJના તાલે ઝૂમ્યા

સુરતઃ સુરતે નવા વર્ષને ઉત્સાહભેર આવકાર આપ્યો હતો. પાર્ટી પ્લોટો અને જાણીતી ક્લબોમાં યુવાધનનો જમાવડો થયો હતો. ઠેર ઠેર નાઇટ પાર્ટી અને ડીજે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. લેસર, ડાર્ક લાઇટ, ફાયર ડ્રમ, ફેમસ થિમ પર યુવાઓ DJના તાલે ઝૂમી રહ્યા હતા. સુરતની તમામ ક્લબો લાલભાઈ કોન્ટ્રાક્ટર, સિટી જીમખાના, ટેનિસ ક્લબ, અવધ ઉતોપિયા બધે સેલિબ્રેશન અને નવા વર્ષની ઉજવણીની રોનક જોવા મળી રહી હતી. અહીંના મેમ્બરો દ્વારા જોરદાર આયોજનો કરવામાં આવ્યાં હતાં.

રાત્રિના 12ના ટકોરે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. ઠેર ઠેર ફટાકડા ફોડી લોકો જશ્ન મનાવી રહ્યા હતા. જાહેર સ્થળો, હોટલો, ક્લબ, ફાર્મ હાઉસમાં પાર્ટીનાં મોટાપાયે આયોજનો થયાં હતાં. શહેરમાં આજે 2025ના વર્ષને વિદાય આપવા અને 2026ના વર્ષને વધાવવા, વેલકમ કરવા માટે શહેરીજનો રસ્તા પર ઊતરી આવ્યા હતા. સાંજ પડ્યા પછી લોકો 31મી ડિસેમ્બરની ઉજવણી કરવા માટે લોકો ઘોડદોડ રોડ, વેસુ વાય જંક્શન, પીપલોદ કારગિલ ચોકથી લઈને છેક ડુમસ તથા પાલના ગૌરવપથ રોડ પર સજીધજીને ઊતરી પડ્યા હતા. લોકોએ કેક કાપી, ફટાકડા ફોડી, ડીજે મ્યુઝિકમાંથી વહેતાં બોલિવુડનાં ગીતો સાથે ધમાકેદાર ઉજવણી કરી હતી. રાત્રે 12ના ટકોરા પડતાં લોકો ઝૂમી ઊઠ્યા હતા. ખાસ કરીને યંગસ્ટર્સે જબ્બરદસ્ત ઉજવણી કરી હતી.

...અનુસંધાન પાના 5 પર

## દહેગામથી કીમનો એક્સપ્રેસ વે ઉતરાણ પહેલા શરૂ થઇ જશે

**હાઈવેના** સુરતના પીડીયુ દ્વારા બે દિવસથી વિઝિટ કરાઈ રહી છે, રોડ બની ગયો પણ નાનાં કામો બાકી છે

**રોડ** પર પટ્ટા, સેફ્ટી બોર્ડ, સાઈન બોર્ડ મરાઈ રહ્યાં છે, યુદ્ધના સ્તરે કામગીરી ચાલી રહી છે

ભરૂચ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના વડોદરા-મુંબઈ સેક્શનના પેકેજ-5 અંતર્ગત આવતો કીમ-દહેગામ (અંકલેશ્વર નજીક) સ્ટ્રેચને શરૂ કરવામાં હજુ ત્રણેક દિવસ થાય તેવી સંભાવના છે. આ અંગે અંતિમ નિર્ણય પહેલા તા.30મી અને 31મી ડિસેમ્બરે હાઈવે ઓથોરિટીના રિજિયોનલ હેડ સુનીલ યાદવ દ્વારા દહેગામ-કીમ રોડનું નિરીક્ષણ કરવામાં

...અનુસંધાન પાના 5 પર



### કીમથી દહેગામ વચ્ચે એક્સપ્રેસ વે પર એકાદ જગ્યાએ જ સ્ટ્રેન્થનો પ્રોબ્લેમ છે: પીડીયુ એસ.કે.યાદવ

દહેગામ-કીમ રોડ બાબતે ભરૂચના NHAIનાં પ્રોજેક્ટ ડાયરેક્ટર એસ.કે. યાદવે ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, સિમેન્ટ કોંન્ક્રિટનું કામ પૂરું થઇ ગયું છે. જો કે આ કામ માટે આમ તો 7થી 8 દિવસનો સમય જોઈએ. આખો રોડ તો બની ગયો પણ એકાદ જગ્યાએ સ્ટ્રેન્થનો પ્રોબ્લેમ હોવાથી હવે હલ કરી દેવાશે. ટૂંક સમયમાં વાહનો માટે ખુલ્લો મુકી દેવાશે.

## અંડર-19 વર્લ્ડકપ માટેની ભારતીય ટીમમાં વલસાડના હેનિલની પસંદગી

ગુજરાતમિત્ર EXCLUSIVE

**હેનિલ** અંડર-16, અંડર-19 ટુર્નામેન્ટ ઉપરાંત કૂચ બિહાર ટ્રોફી પણ રમી ચૂક્યો છે

**વિશ્વકપ** અગાઉ દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચ માટેની સિરીઝમાં પણ હેનિલની પસંદગી થઈ



વલસાડ : ઝિમ્બાબ્વે અને નામિબિયામાં 15 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુધી યોજાનાર અંડર-19 વિશ્વકપની ભારતની ટીમમાં ગુજરાતના છેવાડાના વલસાડ જિલ્લાના હોનહાર ક્રિકેટર હેનિલ

...અનુસંધાન પાના 5 પર



### વલસાડ જિલ્લો અને ગુજરાત માટે ખુશીનો પ્રસંગ

'ગુજરાતમિત્ર' સાથેની વિશેષ વાતચીતમાં હેનિલના પિતા દિલીપભાઈએ જણાવ્યું કે દીકરો હેનિલ આટલી જલ્દી વિશ્વસ્તરે પહોંચી જશે તેવું વિચાર્યું ન હતું, તેમણે ઉમેર્યું કે બાળપણથી હેનિલને ક્રિકેટ પ્રત્યે લગાવ હતો. સ્થાનિક કક્ષાએથી લઈ રાજ્ય અને હવે રાષ્ટ્રીય કક્ષા સુધીના તેના કોચનું માર્ગદર્શન અને વિશેષ કરી હેનિલની સખ્ત મહેનત, ધગસ અને શિસ્ત તેની સફળતામાં મહત્વનું યોગદાન છે. સાથે માતા સેજલબેન,

...અનુસંધાન પાના 5 પર

## હજીરામાં રહેલા દીપડાને પકડવા માટે વધુ બે નવા CCTV કેમેરા લગાડાયા

**દીપડો** કયા માર્ગે આવ-જા કરે છે તેનું સીસીટીવી કેમેરાથી 24 કલાક મોનિટરિંગ કરાશે

સુરતઃ હજીરા વિસ્તારમાં દિપડાની વારંવાર દેખાવાની ઘટનાઓને પગલે વન વિભાગ દ્વારા સુરક્ષા વ્યવસ્થામાં વધુ કડકાઈ લાવવામાં આવી છે. ગઈકાલે રાત્રે એનટીપીસી કંપનીના પાછળના વિસ્તારમાં સીસીટીવી કેમેરામાં દિપડો નિર્ભયતાથી લટાર મારતો દેખાયા બાદ આજે બીજા દિવસે દિપડાની હલચલ પર વધુ અસરકારક નજર રાખવા માટે બે વધારાના સીસીટીવી સર્વેલન્સ કેમેરા લગાડવામાં આવ્યા છે.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ આ બંને નવા સીસીટીવી સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાપિત કરવામાં આવ્યા છે, જેથી દિપડો કયા માર્ગે આવે-જાય છે તેની સ્પષ્ટ માહિતી મળી શકે. સીસીટીવી સર્વેલન્સના આધારે દિપડાને સુરક્ષિત રીતે પકડવાની કાર્યવાહી વધુ સરળ બનશે. અગાઉની જેમ ક્રિભકો

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

### સુરતી મોઢવણિક અવસાન - બેસણું



**સ્વ. રમીલાબેન મનસુખલાલ જીનવાલા**
**સ્વ. તા. ૩૧-૧૨-૨૦૨૫**

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ. રમીલાબેન મનસુખલાલ જીનવાલાનું તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૧-૧-૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ સુધી નીચેના સરનામે રાખેલ છે.

:: બેસણાનુ સરનામુ ::
SVNIT GUEST HOUSE, મહિડાભવનની બાજુમાં, SVBP- સરદાર વલ્લભભાઈ પટેલ ભવન ગેસ્ટ હાઉસ ઈચ્છાનાથ, સુરત.

લિ. સ્વ. મનસુખલાલ સાકેરલાલ જીનવાલા.
સ્વ. સતીશ મનસુખાલાલ જીનવાલા — ગં. સ્વ. અમીષા સતીશ જીનવાલા
દિનેશ મનસુખલાલ જીનવાલા — ફાલ્ગુની દિનેશ જીનવાલા
કનૈયા મનસુખલાલ જીનવાલા — વૈશાલી કનૈયા જીનવાલા
નીલાબેન નવનીતલાલ તમાકુવાલા (પુત્રી)
ભારતીબેન નીતીનકુમાર ગાંધી (પુત્રી)
હર્નિષ-જાનકી, મીત, માયરા, વૈભવી-કાર્તિક, ઈષા- સાગર
સમસ્ત જીનવાલા પરિવાર
મોબાઈલ નંબર- 9825181890,9825451456

### પ્રથમ પુણ્યતિથિ



**સ્વ.કૈલાશબેન પોપટલાલ તાલીયા**
**સ્વ.તા.૦૧/૦૧/૨૦૨૫**

હાર્દિક શ્રદ્ધાંજલિ

લિ.
પોપટલાલ મોહનલાલ તાલીયા (પતિ)
કમલેશ પોપટલાલ તાલીયા(પુત્ર)
આશા કમલેશ તાલીયા (પુત્રવધુ)
સતીશ પોપટલાલ તાલીયા (પુત્ર)
અસ્મીના સતીશ તાલીયા (પુત્રવધુ)
પરમ સતીશ તાલીયા (પૌત્ર)
તથા સમસ્ત તાલીયા પરિવાર

### આહિર અવસાન



**સ્વ. ધનીબેન છનાભાઈ આહિર**
**સ્વ. તા. ૩૧/૧૨/૨૫**
**ઇટાળવા- નવસારી**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ધનીબેન છનાભાઇ આહિર, તા. ૩૧/૧૨/૨૫ નાં રોજ અવસાન થયેલ છે. પ્રભુ દિવંગત આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું તા. ૨/૧/૨૬ નાં રોજ સવારે ૧૦ કલાકે રાખેલ છે.

ક્રિયાપાણી તા. ૧૨/૧/૨૬ નાં રોજ સવારે ૧૦ કલાકે રાખેલ છે.

લિ. ભીખુભાઈ છનાંભાઈ આહિર
રમેશભાઈ ભીખુભાઈ આહિર
કૌશિકભાઈ ભીખુભાઈ આહિર
તથા સમસ્ત પરિવાર

નિવાસ સ્થાન: - દાંતેજ આહિરવાસ- ઈટાળવા-નવસારી

### :: બેસણું - પ્રાર્થના સભા ::

ૐ શાંતિ ૐ શાંતિ



**સ્વ. શાંતાબેન ઠાકોરભાઈ પટેલ**
**સ્વ. તા. ૨૭/૧૨/૨૦૨૫**

અમારા પૂજય માતૃશ્રી ગં. સ્વ. શાંતાબેન ઠાકોરભાઈ પટેલ, તા. ૨૭/૧૨/૨૦૨૫ ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

|| બેસણું ||
તારીખ: ૦૨/૦૧/૨૦૨૬, શુક્રવાર
સમય: સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી
સ્થળ: મુ.પો. કુડાદરા, તા. હાંસોટ, જી. ભરૂચ

|| પ્રાર્થના સભા ||
તારીખ: ૦૬/૦૧/૨૦૨૬, મંગળવાર
સમય: સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી
સ્થળ: બંગલા નં. ૦૬, મંત્રીશ્રી નિવાસસ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર

|| લી. ||
ખુમાનસિંહ ઠાકોરભાઈ પટેલ
ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ (રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર)
પૃથ્વીરાજસિંહ મહેન્દ્રસિંહ પટેલ

### પ્રથમ પુણ્યતિથિએ હૃદયાંજલિ



**સ્વ. હિતેશભાઇ છનાભાઇ પટેલ**
**સ્વ. તા. ૦૧/૦૧/૨૦૨૫**

વિદાયને એક વર્ષ થયું...
પણ હૃદય આજે પણ તમારા પગલાંની આહટ સાંભળે છે. આ સનાતન સત્ય છે, છતાં પણ મન માનતું નથી કે તમે હવે શબ્દોમાં નહીં, સ્મૃતિઓમાં રહો છો. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

:: શોકાતુર ::
ગં.સ્વ. હીરાબેન છનાભાઈ પટેલ
ગં.સ્વ. કેતનાબેન હિતેશભાઈ પટેલ
કિરીટભાઈ છનાભાઈ પટેલ — અમિતાબેન કિરીટભાઈ પટેલ
મલય કિરીટભાઈ પટેલ — જૈમિની મલય પટેલ
ચિંતનકુમાર મોહનભાઈ પટેલ (જમાઈ) — ધાર્મિક મલય પટેલ
ઝીલ ચિંતન પટેલ (પુત્રી) — વૈદ્ય ચિંતન પટેલ
ખુશી હિતેશભાઈ પટેલ (પુત્રી)

### રાજપુત અવસાન



**સ્વ.મહેન્દ્રસિંહ ગણપતસિંહ સુરતીયા**

નું દુઃખદ અવસાન તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ થયેલ છે. સદગત નું સંયુક્ત બેસણું તા. ૦૫/૦૧/૨૦૨૬ ના રોજ, પાંજરાપોળ ભરતીયા પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડ્રી, શ્રી સુરત પંજરાપોળ, ઘોડ દોડ રોડ(BPAH), સુરત રાખેલ છે.

સમય . બપોરે ૨ થી ૦૫

હેમંતસિંહ ગણપતસિંહ સુરતીયા (ભાઈ)
જયેન્દ્રસિંહ ઈશ્વરસિંહ સુરતીયા (ભાઈ)
કિરણસિંહ ફતેસિંહ સુરતીયા (ભાઈ)
મુકેશકુમાર અરવિંદસિંહ સુરતીયા (ભત્રીજા)
રાજેન્દ્રસિંહ દોલતસિંહ સુરતીયા (ભત્રીજા)
કુલદીપસિંહ હેમંતસિંહ સુરતીયા (ભત્રીજા)
રાજવીરસિંહ સુરેન્દ્રસિંહ સુરતીયા (ભત્રીજા)

સંજયકુમાર ગંભીરસિંહ ચૌહાણ (જમાઈ)
ધર્મેન્દ્રસિંહ રણજિતસિંહ સોલંકી (જમાઈ)
અનિલકુમાર જીતેન્દ્રસિંહ ખરવાસીયા(જમાઈ)
શ્વસુર પક્ષ :
પ્રકાશસિંહ અનોપસિંહ સોલંકી .સુરત
જગદીશસિંહ અનોપસિંહ સોલંકી. સુરત